BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટને તાજુ બનાવેલું સીટી ડૅશબોર્ડ શરૂ કર્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (નવેમ્બર 25, 2021) – સીટી ઓફ બ્રેમ્પટને પોતાનું તાજુ બનાવેલું જાહેર ડૅશબોર્ડ શરૂ કર્યું છે: સીટી ડૅશબોર્ડ. સીટીના ઍવોર્ડ વિજેતા ઓપન ડેટા પ્લેટફોર્મ GeoHUB (જીઓહબ) પર બનેલું સીટી ડૅશબોર્ડ એક ઓનલાઈન ટૂલ છે જે સીટીની રોજિંદી સંચાલન કામગીરીઓથી સામુદાયિક પરિણામોમાં જે રીતે ફાળો મળે છે તે જોવામાં સમુદાયને મદદ કરે છે.

અસલમાં વર્ષ 2018 માં શરૂ થયેલ, સીટી ડૅશબોર્ડ છ મહત્વના ક્ષેત્રોમાં આંતરદૃષ્ટિ પૂરી પાડે છે:

- સીટીની નાણાકીય બાબતો
- સીટીની સેવાઓ
- રહેવાની ક્ષમતા
- સામુદાયિક સુખાકારી
- અર્થતંત્ર
- શહેરી સ્વરૂપ અને પર્યાવરણ

અદ્યતન કરેલું સીટી ડૅશબોર્ડ રહેવાસીઓને સીટીની સેવાઓ, નાણાકીય પગલાઓ અને સામુદાયિક સૂચકાંકોનો સ્નેપશોટ પૂરો પાડે છે. સ્ટેટસ અને ગ્રાફની સાથે, દરેક પગલું એક વાર્તાની લાક્ષણિકતા દર્શાવે છે જે તે કેમ મહત્વનું છે, તે કેવી રીતે માપવામાં આવે છે, અને સીટી દ્વારા કરાતી પ્રગતિ વિશે વાત કરે છે. સંબંધિત લિંક્સ પગલાઓ, રોજિંદી સેવાઓ, કાર્યક્રમો, નકશાઓ, યોજનાઓ અને અભ્યાસોને પ્રભાવિત કરવા સીટી જે કરી રહ્યું છે તેનો વધારે સંદર્ભ પૂરો પાડે છે.

બ્રેમ્પટન એક સુસંચાલિત શહેર છે જે નિખાલસતા, પારદર્શકતા અને ડેટા-ચલિત નિર્ણય લેવા કટિબદ્ધ છે. મ્યુનિસિપલ સર્વિસની કામગીરી અને સામુદાયિક સૂચકાંકો માપવાથી શહેરને નવીન શોધ ચલિત કરવાનું, સતત સુધારાઓને પ્રભાવિત કરવાનું, અને સુરક્ષિત, કાયમી અને સફળ સર્વગ્રાહી સમુદાયનું નિર્માણ કરવાનું ચાલુ રાખવામાં મદદ કરશે.

સીટીનું અદ્યતન ડૅશબોર્ડ અહીં જોઈ શકાય છે, www.brampton.ca/dashboard. રહેવાસીઓને ડૅશબોર્ડની અંદર મૂકેલું "ડૅશબોર્ડ ફીડબેક" બટન મારફતે ટિપ્પણીઓ કે મૌલિક વિચારો વહેંચવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**ઝડપી હકીકતો**

- GeoHub ને વધારે પહોંચ સુલભ અને વપરાશકારને અનુકૂળ બનાવવા તેને તાજુ કરવામાં આવ્યું છે જેથી Personas (પર્સોનાસ) અને ઓપન ડેટા સેટ્સ જેવી લાક્ષણિકતાઓ સાથે ડેટા જોઈને પૃથક્કરણ કરી શકાય. Personas ચોક્કસ સમૂહોની જરૂરિયાતોને અનુકૂળ ડેટા અને કાલ્પનિક ચિત્રો (વિઝ્યુઅલાઈઝેશન્સ)નો સંગ્રહ પૂરો પાડે છે.
- GeoHub પાસે શોધખોળ કરવા 300 ઉપરાંત ડેટા સેટ્સ છે. સીટીના ઓપન ડેટાના વપરાશકારો પોતાનો અનુભવ ઈમેઈલથી અહીં જણાવી શકે છે, open@brampton.ca.
- સપ્ટેમ્બરમાં, સીટીને સતત બીજા વર્ષ માટે વર્લ્ડ કાઉન્સિલ ઑન સીટી ડેટા (WCCD) પાસેથી ISO 37120 પ્લેટિનમ-લેવલનું પ્રમાણપત્ર મળ્યું. WCCD નાં ISO 37120 ધોરણમાં 104 માંથી 90 થી વધારે સૂચકાંકો નોંધાવીને, જે ગવર્મેન્ટ ઓફ કેનેડા સહાયક ડેટા ફૉર કેનેડિયન સીટીસ પ્રોજેક્ટ (DCCP), નો ભાગ છે, બ્રેમ્પટન 35 દેશોમાંના 100 થી વધારે વૈશ્વિક શહેરોના પસંદગીના સમૂહમાં – અને કેનેડામાં 30 માં જોડાય છે – જેઓ અસરકારક અને પરિવર્તનશીલ નિર્ણયો લેવા સીટીનો ડેટા એકઠો કરે છે, વહેંચે છે, અને ઉપયોગમાં લે છે.

**ક્વોટ્સ (અવતરણો)**

"બ્રેમ્પટન એક સુસંચાલિત શહેર છે, અને આપણે નવીન શોધ અને ડેટા-ચલિત નિર્ણયો લેવામાં વૈશ્વિક આગેવાન તરીકે પોતાને સ્થાપિત કરવાનું ચાલુ રાખીએ છીએ. તાજુ બનાવેલું સીટી ડૅશબોર્ડ નિખાલસતા અને પારદર્શકતા પ્રત્યે આપણી કટિબદ્ધતા દર્શાવે છે, અને આપણે આપણાં રહેવાસીઓના જીવનની ગુણવત્તા સુધારવા આપણી કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાને જે રીતે આગળ વધારી રહ્યાં છે તે દેખાડે છે. સુરક્ષિત, કાયમી અને સફળ શહેર બનાવવા સતત સુધારાઓ અનિવાર્ય છે, અને સીટી ડૅશબોર્ડ આપણાં સમુદાય માટે શ્રેષ્ઠ પુરાવો આધારિત નિર્ણયો લેવાનું ચાલુ રાખવામાં આપણને મદદરૂપ થશે."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

"સીટી ઑફ બ્રેમ્પટનમાં, આપણી રોજિંદી સંચાલન કામગીરીઓ શેર્ડ ડેડિકેશનથી ડ્રિવન (વહેંચેલા સમર્પણથી ચલિત) છે જેથી આપણાં રહેવાસીઓને પરિણામો પહોંચાડી શકીએ અને તેઓને ઉચ્ચતમ ગુણવત્તાનું જીવન પૂરું પાડી શકીએ. અદ્યતન બનાવેલ, વપરાશકારને અનુકૂળ સીટી ડૅશબોર્ડથી આપણી કામગીરી પર દેખરેખ રાખીને, આપણી સેવાઓ અને પરિણામો મુક્તપણે અને પારદર્શક રીતે સમુદાય સાથે વહેંચીએ છીએ ત્યારે, આપણે નવીન શોધ ચલિત કરવાનું, સતત સુધારાઓને પ્રભાવિત કરવાનું, અને સુરક્ષિત, કાયમી અને સફળ સર્વગ્રાહી સમુદાયનું નિર્માણ કરવાનું ચાલુ રાખી શકીએ છીએ."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઑફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca